# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૪/તા.:૧૩/૦૩/૨૦૧૫.

.............................................................................

## કામ નં.૧.:

વિષય.:

તા.:૩૦/૦૧/૨૦૧૫ના રોજ મળેલ સમગ્ર સભાની મીનીટસ વંચાયેલી ગણી મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ શાહ
ટેકો આપનાર.: શ્રી રમેશભાઈ એમ. પટેલ ( રમેશ ડેની )

સભ્યશ્રી પ્રવિણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે, અગાઉની બોર્ડમા રજુ થયેલ કામમા દસ્તાવેજી પુરાવા વગરની અરજી ઓમા અમુક વ્યકિતઓને કોઈક ટાર્ગેટ બનાવી આક્ષેપો પાયા વિહોણા કરી અવરોધ ઉભા કરવાના કામમા ગોવા હાઈકોર્ટનો ચુકાદોનો ઉપયોગ કરવો જોઈએ.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે, સીધી ભરતીથી નિમણુક અંગેના પગારના ઠરાવમા કોને ગણવા અને જો નાણાંકીય પરિસ્થિતિનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની જવાબદારી કોની ?.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, નાણાં વિભાગના ઠરાવમા જણાવ્યા મુજબ પાંચ વર્ષ માટે સીધી ભરતીથી મજુર થયેલ જગ્યાઓ પર નિયમોનુસારની કાર્યવાહી કરવા પાત્ર થાય છે.આ બાબતે પુનઃવિચારણા કરી આગામી કાર્યવાહી કરીએ .

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, ફીકસ પગારદારોને આ વધારો કરતા જે રૂા.:૪૫૦૦–નો પગાર લે છે. તેઓને રૂા.:૫૨૦૦–નો પગાર થાય છે હાલની મોંઘવારીમા સરકારશ્રીએ કરેલ સુધારેલ પગાર વધારા મુજબ લાભો આપવા જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, હંગામી કર્મચારીઓમા પગાર બાબતની અસમાનતા દુર કરવા ગઈ કાલે મીટીંગોમા ચર્ચા થયા મુજબ રોજીદા કર્મચારીઓને ૧૯ દિવસની જગ્યાએ જરૂરીયાત મુજબના કામો માટે ૨૬ દિવસ કામ કરાવી ૨૬ દિવસનો પગાર આપવા અંગે ચીફ ઓફીસરશ્રી,તેમજ કારોબારી ચેરમેનશ્રી જોડે ચર્ચા થયા મુજબ પગારની વિસંગતા દુર કરી ૨૬ દિવસનો પગાર ચુકવી વિવાદીત પ્રશ્નહલ કરવો.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલે જણાવ્યુ કે, નગરપાલિકાઓમા ટોટલ દેવુ કેટલુ છે. અને નહેર ખાતામા કેટલુ દેવુ ચુકવવાનુ બાકી છે અને વ્યાજની રકમ કેટલી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓમા દરેક વિકાસના કામો કરવાના હોય ,જે જન હીતના અને લોકોપયોગી હોય જેથી આવશ્યક કામો શહેરના વિકાસ અર્થે કરવા જરૂરી બનતા દેવુ કરીને પણ કામો કરવા પડે છે.જેને દેવુ ન કહેવાય.અત્યાર સુધીના બજેટમા સૌથી મોટુ બજેટ અને વિકાસનું પુરાંતવાળુ બજેટ હોય,હાલે વોટર વર્કસના પાણીના બીલો ચુકવવા વન ટાઈમ સેટલમેન્ટ સીચાઈ વિભાગ સાથે ચાલે છે.આ પ્રશ્ન હલ થઈ જશે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, હંગામી પગારવાળા કર્મચારીઓ અને નવા જોડાયેલ કર્મચારીઓ અંદરો અંદર અસમાનતા ને કારણે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે.આ અસમાનતા દુર કરવા ઉચ્ચક પગાર કરી અથવા તો ડેઈલી વેજીસ મુજબ પગાર ચુકવણુ કરતા દરેકના પ્રશ્નને સમાધાન લાવી શકાય એમ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, રોજીદા કર્મચારીઓને મનદુખ ન થાય ,ખાલી જગ્યાઓ જલ્દીથી ભરાય જાય તેવા પ્રયત્નો કરીએ અને હાલમા લઘુતમ વેતન પ્રમાણે ચુકવણુ કરીએ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, ખાલી પડેલ જગ્યાઓ ભરવા અંગે દરખાસ્તમા મહેકમ ખર્ચની ટકાવારી ૪૮% થી વધી જતી હોય નગરપાલિકાની આર્થીક પરિસ્થિતિ નબળી હોવાના કારણે જરૂરીયાત મુજબની આવશ્યક જણાતી જગ્યાઓ તબકકાવાર રીતે ભરાય અને આવકમા વધારો થાય તેવુ આયોજન કરી દરખાસ્ત કરવા રજુઆત કરી.

ઠરાવ.:

તા.:૩૦/૦૧/૨૦૧૫ના રોજ મળેલ સમગ્ર સભાની મીનીટસની નકલો દરેક સભ્યશ્રીઓને આપવામા આવેલ છે.જે મીનીટસ વંચાયેલી ગણી મંજુર કરવાનુ સર્વાનુમતે ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૬૨૫/તા.:૧૩/૦૩/૨૦૧૫.

..........................................................................

## કામ નં.૨.:

વિષય.:

કા.ક.ઠ.નં.: ૩૩૯/ તા.:૦૨/૦૩/૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૪–૨૦૧૫નાવર્ષનુ રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનુંરૂા.: ૬૨,૭૧,૦૭,૨૩૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:૬૨,૩૯,૪૩,૦૦૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ શાહ
ટેકો આપનાર.:શ્રી કૌશીકભાઈ માકડીયા

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, ૩૦–કરોડ કેપીટલ આવક બજેટમા દર્શાવેલ છે જેમા " શોપીગ મોલ"ની આવક સને ૨૦૧૫–૧૬ના વર્ષમા આવક તરીકે આવી જશે કે કેમ? ગત વર્ષની સરખામણીમા આ વર્ષનુ પણ આયોજન વધુ હોય એમ લાગે છે.તેમજ બંધસિલક ૨૦–કરોડ દર્શાવેલ છે .આ બજેટ પુરાતવાળુ કે ખાદ્ય વાળુ છે ?.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સદર બજેટ પુરાંતવાળુ બજેટ છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, મનોરંજન ખર્ચ અને વ્યવસાય વેરા ગ્રાન્ટ બંધ થયેલ છે કે ચાલુ છે.

એકાઉન્ટન્ટશ્રીએ જણાવ્યુ કે, ગુજરાત મ્યુનિ.ફાયનાન્સ બોર્ડ ધ્વારા સદર ગ્રાન્ટ યુડીપી હેઠળ ફાળવવામા આવેલ છે.જે સદરે ગ્રાન્ટ મળે છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સરકારશ્રી ધ્વારા પરીપત્રો આવેલ નથી .સરકારશ્રીની વિચારણા હેઠળ બાબત છે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે સામાન્ય માનવીઓને રસ્તા , ગટર અને પાણી, લાઈટ ની અગત્યની જરૂરીયાતો હોય જેમા વધારો કરવો યોગ્ય નથી.

ચેરમનેશ્રી કારોબારી ધર્મીનભાઈએ જણાવ્યુ કે, દિવસે દિવસે નિભાવ ખર્ચ વધતો જાય છે.મોઘવારી વધતી જાય છે.મહેકમ ખર્ચ વધવા પામેલ છે.જે ધ્યાને લઈ ટેક્ષમા વધારો કરવો જરૂરી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, ટેક્ષમા વધારા અંગે સરકારશ્રીની મંજુરી તેમજ પ્રજાજનોના અભિપ્રાયો મંગાવવામા આવશે અને નિર્ણય કરવામા આવશે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, વાતાવરણની અસર ખેતી ઉપર વિપરીત હોય જેથી શાકભાજી ખાદ્ય ચીજવસ્તુઓ પરિસ્થિતિ મુજબ વધતા જાય છે.એની વિપરીત અસર પ્રજાજનો ઉપર પડશે જેથી ટેક્ષનો વધારો કરવો યોગ્ય નથી.
હાઈમસ્ત લાઈટનુ બીલ નગરપાલિકા ભરે છે કે કંપની ભોગવે છે.તેમજ કચરાના કોન્ટ્રાકટરો રહેવાની સગવડ અંગે સુવિધા આપેલ જેની લાઈટ બીલ કોણ ભરે છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, જે તે એજન્સીના બીલોમાથી સદર રકમોની કપાત કરવામા આવશે.નગરપાલિકાને બોજો ન પડે એ જોવામા આવશે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, રોજીદા કર્મચારીઓ હડતાલ પર જતા પરિસ્થિતિને આધીન કોન્ટ્રાકટ આપવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ.તાત્કાલીક અસરથી વ્યવસ્થાઓ પુરો પાડવા માણસો ને આશ્રય આપેલ ,આ વૈકલ્પીક વ્યવસ્થા એજન્સી ધ્વારા ગોઠવાય જતાં આ પ્રશ્નહલ થઈ શકશે.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, પુરાંતવાળુ બજેટ નથી.ટેક્ષમા વધારો થાય છે જે રીઝનેબલ વધારો હોવો જોઈએ.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે, આ બજેટ શહેરના વિકાસમા રજુ કરવામા આવશે જે દર્શાવવા માટે કયા કયા વિસ્તારના કામો અને કયા કામો લેવામા આવ્યા છે એ જણાવવુ જરૂરી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, ગ્રાન્ટના કામોમા રસ્તા,ગટર,વિગેરે કામો યુડીપી –૭૮ હેઠળ લેવામા આવશે.તેમજ ડ્રેનેજ અંદર ગ્રાઉન્ડ અને પાણીના કામો પુર્ણ થયા બાદ રસ્તાના કામો હાથ ધરવામા આવશે .વધુમા ડ્રેનેજના કામના ડીપીઆર તૈયાર થઈ જતાં નાનીલાઈનોને મોટી લાઈનમા ફેરવવામા આવશે અને ડ્રેનેજનો પ્રશ્ન હલ થશે.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુકે, હોસ્પીટલ વ્યવસ્થિત રીતે ચાલે તે માટે આયોજન કરવુ જોઈએ.ગાયનેક ડાંકટરની નિમણુક કરવી જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, ઓપીડી સારી એવી રીતે ચાલે છે.હોસ્પીટલની નવિનીકરણની તૈયારી થઈ ગઈ છે.સર્જીકલ તેમજ ગાયનેક માટે વ્યવસ્થા કરીએ છીએ.

સભ્યશ્રી બેલાબેન દેસાઈ ગયા.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે, જે સ્મશાન ભુમિ માટે નગરપાલિકા રકમ ફાળવે છે તે રીતે કબ્રસ્તાન માટે પણ રકમ ફાળવવા કાર્યવાહી કરવા જણાવ્યુ.તેમજ ધડુચી બંદર રોડ પર બાકડા મુકવા જો ઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, બન્ને કામો લેવામા આવશે.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે, તળાવના કામો પણ થવા જોઈએ.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, નહેરના પાણી માટે સેટલમેન્ટ થયેલ છે કે કેમ ? .વોટર વર્કસ વાલીયા લાઈન માટે મોટર બગડવાથી પાણી લીફટીંગ કરવા બે મોટર તેમજ સ્ટેન્ડબાય રાખવી જોઈએ તેમજ વીજ લાઈન એલપી તેની જગ્યાએ એચપી લાઈન નાંખવી જરૂરી છે.તેમજ ઈન્પેકટ ફી આવક અને તેની જમા રકમ થયેલ હોય તો ઝડથી કામો પુર્ણ થવા જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, પત્ર વ્યવહાર ચાલુ છે.હાલે રીમાઈન્ડર પણ કરેલ છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, ઈમ્પેકટ ફીમા અરજદારને બાકી પુર્તતા કરવા જણાવેલ છે અને ક્ષતિ પુર્તતા કરવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ જીયુડીસીના કામોમા ઝડપથી પ્રગતિ થાય તે માટેના પ્રયત્નો ચાલુ છે.

સભ્યશ્રી મનીયારભાઈએ જણાવ્યુ કે, માજી ધારાસભ્યશ્રીઓ તેમજ અગ્રગણ્ય નાગરીકોનું સન્માન કરવાનુ આયોજન થવુ જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, કોઈક મોટા મહાનુભવો સાથે આવી આદરણીય વ્યકિતઓનુ સન્માન કરાવીએ.

ઠરાવ.:

કા.ક.ઠ.નં.: ૩૩૯/ તા.:૦૨/૦૩/૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૪–૨૦૧૫નાવર્ષનુ રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.: ૬૨,૭૧,૦૭,૨૩૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.:૬૨,૩૯,૪૩,૦૦૦/–રીવાઈઝડ બજેટ સર્વાનુમતે મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

# જનરલ બોર્ડ ઠરાવ નંબર.:૬૨૬/તા.:૧૩/૦૩/૨૦૧૫.

........................................................................

## કામ નં.૩.:

વિષય.:

કા.ક.ઠ.નં.: ૩૪૦ / તા.:૦૨/૦૩/૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૫ – ૨૦૧૬ના વર્ષનુ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.: ૧,૩૦,૨૯,૬૭,૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.:૧,૧૯,૨૭,૬૫,૦૦૦/–નું બજેટ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિનભાઈ શાહ
ટેકો આપનાર.:શ્રી કૌશીકભાઈ માકડીયા

ઠરાવ.:

કા.ક.ઠ.નં.: ૩૪૦ / તા.:૦૨/૦૩/૨૦૧૫ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનું સને ૨૦૧૫ – ૨૦૧૬ના વર્ષનુ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.: ૧,૩૦,૨૯,૬૭,૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસ ખર્ચ રૂા.:૧,૧૯,૨૭,૬૫,૦૦૦/–નું બજેટ સર્વાનુમતે મંજુર કરવા નુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..